# મા જગદંબાની આરતી



જય આદ્યા શક્તિ માં જય આદ્યા શક્તિ
અખંડ બ્રમાંડ દિપાવ્યા (૨) પડવે પંડિત માં. ૐ જયો જયો માં જગદંબે
દ્વિતીયા બેય સ્વરૂપ, શિવશક્તિ જાણું, માં શિવશક્તિ જાણું
બ્રહ્માં ગણપતિ ગાએ (૨) હર ગાએ હર માં, ૐ જયો જયો માં જગદંબે
તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવન માં બેઠાં, માં ત્રિભુવન માં બેઠાં
દયા થકી ત્રિવેણી (૨) તું ત્રિવેણી માં, ૐ જયો જયો માં જગદંબે
ચોથે ચતુરા મહાલક્ષ્મી, માં સચરાચર વ્યાપ્યા, માં સચરાચર વ્યાપ્યા
ચાર ભુજા ચૌદિશા (૨) પ્રગટ્યા દક્ષિણમાં, ૐ જયો જયો માં જગદંબે
પંચમી પંચ ઋષિ, પંચમી ગુણપદ્મા, માં પંચમી ગુણપદ્મા
પંચ તત્વ ત્યાં સોહિએ (૨) પંચે તત્ત્વો માં, ૐ જયો જયો માં જગદંબે
ષષ્ટી તું નારાયણી, માં મહિષાસુર માર્યો, માં મહિષાસુર માર્યો
નરનારીના રૂપે (૨) વ્યાપ્યા સઘળે માં, ૐ જયો જયો માં જગદંબે
સપ્તમી સપ્ત પાતાળ, સાવિત્રી સંધ્યા માં સાવિત્રી સંધ્યા
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા માં, ૐ જયો જયો માં જગદંબે
અષ્ટમી અષ્ટ ભુજા, આઇ આનંદા, માં આઇ આનંદા
સુરવર મુનિવર જનમ્યા (૨) દેવ દૈત્યો માં, ૐ જયો જયો માં જગદંબે
નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે નવ દુર્ગા
નવરાત્રીના પૂજન (૨) શિવરાત્રીના અર્ચન કીધા હર બ્રહ્મા, ૐ જયો જયો મા જગદંબે
દશમી દશ અવતાર, જય વિજયાદશમી મા જય વિજયાદશમી
રામે રામ રમાડ્યા (૨) રાવણ રોળ્યો મા, ૐ જયો જયો મા જગદંબે
એકાદશી અગીયારસ કાત્યાયની કામા, મા કાત્યાયની કામા
કામ દુર્ગા કાલીકા (૨) શ્યામા ને રામા, ૐ જયો જયો મા જગદંબે
બારસે બાળારૂપ બહુચરી અંબા માં, માં બહુચરી અંબા માં
બટુક ભૈરવ સોહિએ, કાળ ભૈરવ સોહિએ તારા છે તુજ માં, ૐ જયો જયો મા જગદંબે
તેરસે તુળજારૂપ તમે તારૂણીમાતા, માં તમે તારૂણીમાતા
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા, ૐ જયો જયો મા જગદંબે
ચૌદાશે ચૌદારૂપ ચંડી ચામુંડા, માં ચંડી ચામુંડા
ભાવભક્તિ કંઇ આપો, ચતુરાઇ કંઇ આપો સિંહવાહિની માતા, ૐ જયો જયો મા જગદંબે
પુનમે કુંભ ભર્યો સાંભળજો કરૂણા, મા સાંભળજો કરૂણા
વશિષ્ટદેવે વખાણ્યાં, માર્કંડદેવે વખાણ્યાં ગાઇ શુભ કવિતા, ૐ જયો જયો મા જગદંબે
સવંત સોળ સત્તાવન બાવીશમાં, માં સોળશે બાવીશમા
સવંત સોળે પ્રગટ્યાં, માં ગંગાને તીરે, ૐ જયો જયો મા જગદંબે
ત્રંબાવટી નગરી નગરી, મા મંછાવટી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ (૨) ક્ષમા કરો માં દયા કરો ગૌરી, ૐ જયો જયો મા જગદંબે
શિવ શક્તિની આરતી જે કોઇ ગાશે, માં જે ભાવે ગાશે
ભણે શિવાનંદ સ્વામી સુખ સંપતિ થાશે હર કૈલાશે જાશે, માં અંબા દુઃખ હરશે, માં ખોડિયાર દુઃખ હરશે,
ૐ જયો જયો મા જગદંબે
એકમે એક સ્વરૂપ અંતર નવ ધરશો, માં અંતર નવ ધરશો
ભોળા ભવાનીમાં (અંબામાંને / ખોડિયારમાંને) ને ભજતાં (૨) ભવસાગર તરશો, ૐ જયો જયો મા જગદંબે
ભાવ ન જાણું ભક્તિ ન જાણું, નવજાણું સેવા, મા નવજાણું સેવા
બાલક જાણી તમારા (૨) સદા ચરણે રાખો, ૐ જયો જયો મા જગદંબે
માંનો મંડપ લાલ ગુલાલ શોભા અતિ સારી, મા શોભા બહુ સારી
અબીલ ઉડે આનંદે ગુલાલ ઉડે આનંદે જય બહુવરવાળી, ૐ જયો જયો મા જગદંબે

**બોલો અંબે માતકી જય !! બોલો ખોડિયાર માતકી જય.**

**આઈ શ્રી ખોડિયાર માતા ચેરિટેબલ એન્ડ રિલીજીયસ ટ્રસ્ટ, મુંબઈ**